અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ અન્વયે અસંગઠીત શ્રમયોગીઓની આવક આધારિત વ્યાખ્યા નકકી કરવા બાબત.

શ્રમ આયુક્તની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
2 JUN
આવક નંબર: ૧૬૨૪/મર

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ યુઓએલ/૧૩૨૦૧૫/૩૮૫૮૬૭/મ(૨)
શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭-૦૫-૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારનો અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮

**આમુખઃ-**

ઉપરોકત વંચાણે લીધેલ સંદર્ભ(૧) હેઠળના અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૨(કે) અને કલમ ૨ (એન) હેઠળ અસંગઠીત શ્રમયોગીઓની વ્યાખ્યાઓ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ અસંગઠિત શ્રમયોગીઓની આવક આધારિત વ્યાખ્યાઓ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

જે વ્યકિત માસિક રૂ.૧૦,૦૦૦/- ( દશ હજાર) કે તેથી ઓછી આવક મેળવતી હોય અથવા એક હેકટર ( ૨.૫ એકર) કે તેથી ઓછી વાવણી લાયક જમીન ધરાવતી હોય તેવા વ્યકિતને અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ ની કલમ – ૨(કે) હેઠળ **"સ્વરોજગાર મેળવતા શ્રમયોગી"** ગણવાના રહેશે.

જે વ્યકિતની માસિક વેતનની આવક રૂ.૧૦,૦૦૦/- ( દશ હજાર) કે તેથી ઓછી હોય, તેવી વ્યકિતઓને અસંગઠિત શ્રમયોગી સામાજિક સુરક્ષા અધિનિયમ, ૨૦૦૮ ની કલમ – ૨(એન) હેઠળ **"વેતન મેળવતા શ્રમયોગી"** ગણવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. એચ. વસાવા)
નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી(શ્રમ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રી(શ્રમ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.